Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

मोक्षार्थिना प्रत्यहं ज्ञानवृद्धिः कार्या।

# શ્રી જૈન ધર્મ પ્રકાશ

પુસ્તક ૮૨ મું
અંક ૧
૫ નવેમ્બર

કારતક

વીર સં. ૨૪૯૧
વિ. સં. ૨૦૨૨
ઇ. સ. ૧૯૬૫

(૧૦૮) छन्दंनिरोहेण उवेइ मोक्खं, आसे जहा सिक्खिय-वम्मधारी।
पुव्वाइं वासाइं चरऽप्पमत्ते, तम्हा मुणी खिप्पमुवेइ मोक्खं ॥८॥

૧૦૮. જેમ કેળવાયેલો–પલોટાયેલો બખ્તરધારી ઘોડો પોતાના સ્વચ્છંદને રોકયાં પછી જ વિજયી થાય છે–સ્વતંત્ર બને છે તેમ સાધક મનુષ્ય પોતાના સ્વચ્છંદને રોકયા પછી જ સ્વતંત્ર બની શકે છે. અપ્રમત્ત સાધકે ઘણા લાંબા સમય સુધી સંયમને આચરવો–સાચવવો ઘટે. આમ વર્તનારો મુનિ શીઘ્ર સ્વતંત્રતાને પામે છે–આ રીતે વર્તતા મુનિને પછી વાસના તૃષ્ણાને કે પરવશ રહેવું પડતું નથી.

—મહાવીર વાણી

: પ્રગટકર્તા :
શ્રી જૈન ધર્મ પ્રસારક સભા : : ભાવનગર

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

શ્રી જૈન ધર્મ પ્રકાશ :: વર્ષ ૮૨ મું :: વાર્ષિક લવાજમ ૫-૨૫ પોસ્ટેજ સહિત

# अनुक्रमणिका


| | | | |
|---|---|---|---|
| ૧ | નૂતનવર્ષ શુભાશીષ | ( ભાસ્કરવિજય ) | ૧ |
| ૨ | નૂતનવર્ષાભિનંદન | ( દીપચંદ જીવણલાલ શાહ ) | ૨ |
| ૩ | શ્રી વર્દ્ધમાન-મહાવીર : મણકો બાજો-લેખાંક : ૧૧ | ( સ્વ. મૌક્તિક ) | ૪ |
| ૪ | વિનય અને નિર્ભયતા | ( શ્રી બાલચંદ હીરાચંદ 'સાહિત્યચંદ્ર' ) | ૮ |
| ૫ | શુભશીલગણિનો સંક્ષિપ્ત પરિચય | ( પ્રો. હીરાલાલ ર. કાપડિયા એમ. એ. ) | ૧૧ |


## આ ભા ર

શ્રી ઊંઝા ફાર્મસી લિમિટેડના માલિક શેઠશ્રી ભોગીલાલભાઇ નગીનદાસ જેઓ આપણી સભાના લાઇફ મેમ્બર પણ છે તેમના તરફથી દર વર્ષની માફક આ વર્ષે પણ વિ. સં. ૨૦૨૨ની સાલના કાર્તિકી પંચાંગ સભાના સભાસદ બંધુઓ તેમજ શ્રી જૈનધર્મ પ્રકાશ માસિકના ગ્રાહક બંધુઓને ભેટ આપવા માટે મોકલવામાં આવેલ છે જે આસો માસના અંક સાથે રવાના કરેલ હતા. તેઓશ્રીથી સભા પરત્વેની હાર્દિક લાગણી માટે આભાર વ્યક્ત કરીએ છીએ.

## નૂતન વર્ષ :: જ્ઞાનપંચમી મહોત્સવ :: પૂજા

આપણી સભાના પ્રમુખ શ્રીયુત ભોગીલાલભાઇ મગનલાલ તરફથી નૂતન વર્ષના મંગલમય દિવસે સભાના મકાનમાં સવારના દુગ્ધપાનનો પ્રોગ્રામ યોજવામાં આવ્યો હતો તેનો સભાસદ બંધુઓએ સારી સંખ્યામાં લાભ લીધો હતો અને પરસ્પર શુભેચ્છા દર્શાવી. શ્રીયુત ભોગીલાલભાઇ પ્રતિવર્ષ આ પ્રમાણે લાભ ઉઠાવી રહ્યા છે તે અભિનંદનને પાત્ર છે.

કાર્તિક શુદિ ૫ ને શુક્રવારના રોજ સભાના મકાનમાં આકર્ષક રીતે જ્ઞાન ગોઠવવામાં આવ્યું હતું જેનો હજારો સ્ત્રી-પુરુષોએ દર્શન-પૂજનનો લાભ લીધો હતો.

કાર્તિક શુદિ છઠ્ઠ ને શનિવારના રોજ સવારના જ્ઞાન સમીપે પંચજ્ઞાનની પૂજા ભણાવવામાં આવી હતી, જેનો સારા પ્રમાણમાં સભાસદ બંધુઓએ લાભ લીધો હતો.

## શ્રી જૈન ધર્મ પ્રકાશના ગ્રાહક બંધુઓને

શ્રી જૈન ધર્મ પ્રકાશના ગ્રાહક બંધુઓને જણાવવાનું કે આપની પાસે ૨૦૨૧ નું લવાજમ લેણું થયેલ છે અને ૨૦૨૨ નું લવાજમ ચડતર થવા લાગ્યું છે શ્રી મહાપ્રભાવિક નવસ્મરણ સ્તોત્ર સ્તવનાદિ સંગ્રહ નામે ક્રાઉન ૧૬ પેજી પૂરા આઠ ફોરમનું પુસ્તક ભેટ આપવાનું છે તો ભેટ બુકના પોસ્ટેજ ૩૦ પૈસા તથા રૂ. ૬-૫૦ લવાજમના મળી કુલ ૬-૮૦ મનીઓર્ડરથી તુરતજ મોકલવા કૃપા કરશો એ જ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# શ્રી જૈન ધર્મ પ્રકાશ

પુસ્તક ૮૨ મું અંક ૧ | કારતક | વીર સં. ૨૪૯૨ વિક્રમ સં. ૨૦૨૨

## નૂતનવર્ષ શુભાશીષ

(દોહરો)

શ્રી જિનવર પ્રણમો સદા,
જૈન ધર્મ મુખ્ય જાણ;
નર દેહ ખરે સમય જેહ.
ધર્યો જે દીપ સમાન,
રસનાથી પરમાત્મનું;
મન ચંચલ તજી કર ગાન.
પ્રમાદ તજીને નિત્ય પ્રત્યે,
કાયમ વદ એકતાન.
શણગારો મન ઘર વીરે,
સત્ય છે શાસન જિન;
દાખવજો હર હર હમેશતો,
અતિ આનંદ નિશદીન.
મહંત સાલ બાવીશમી,
રહો સદાય સુખદાય;
થતાં શુભ નૂતનવર્ષમાં,
જો ભાસ્કર પ્રગટાય.

—ભાસ્કરવિજય



卐 卐 卐 卐 卐 卐 卐 卐 卐 卐 卐

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# નૂતન વર્ષાભિનંદન

વિ. સં. ૨૦૨૨ના વર્ષે "શ્રી જૈનધર્મ પ્રકાશ" એક્યાશી વર્ષ પુરા કરી બ્યાશીમા વર્ષમાં પ્રવેશ કરે છે. ગત વર્ષમાં મુનિશ્રી ભાસ્કરવિજયજી, મુનિશ્રી હેમચંદ્રવિજયજી, મુનિશ્રી મનમોહનવિજયજી, સાહિત્યચંદ્ર બાલચંદ હીરાચંદ, શ્રી સુરેશકુમાર અને ભોજક મોહનલાલભાઈ વગેરેનો તેમના પદ્યો માટે અને સાહિત્યચંદ્ર બાલચંદ હીરાચંદ, પ્રો. હીરાલાલ ર. કાપડિયા, શ્રી અગરચંદ નાહટા, શ્રી ચતુર્ભુજ જેચંદભાઈ, ડો. વલ્લભદાસ નેણસીભાઈ વગેરેનો તેમના લેખો માટે આભાર માનવામાં આવે છે.

વિ. સં. ૨૦૨૧નું વર્ષ ભારત માટે નસીબવંતુ વર્ષ હતું કારણ કે આ વર્ષમાં પાકિસ્તાને આપણા પ્રદેશ કચ્છમાં હલ્લો કર્યો પણ બ્રિટિશ પ્રધાન વીલ્સને વચમાં પડી કચ્છ અંગે બન્ને વચ્ચે સમાધાની કરાવી હજુ તે સમાધાનીના પત્ર પરની શાહી સુકાઈ ન હતી ત્યાં જ પાકિસ્તાને હથિયારબંધ લગભગ ૫૦૦૦ ઘુસણખોરોને કાશ્મીરમાં દાખલ કર્યા અને તેમની મારફત કાશ્મીરમાં બળવો જગાડવાનો પાકિસ્તાને પ્રયાસ કર્યો પણ આપણી સરકારને વખતસર ચેતવણી મળ્યાથી તેમાંના ઘણાખરાનો નાશ કર્યો. થોડાંક દિવસો પછી પાકિસ્તાને આપણા છાંબ વિસ્તાર પર રણગાડીઓ સહિત હલ્લો કર્યો પણ સૈન્યના જુવાનોએ અને પાયલોટોએ તે લશ્કરનો સખત સામનો કર્યો અને તેમની અમુક રણગાડીઓ અને વિમાનોનો નાશ કર્યો. થોડાંક દિવસ પછી આપણા લશ્કરે પાકિસ્તાન દિલ્હી પર હલ્લો ન કરે તે માટે લાહોર, સિયાલકોટ વગેરે શહેરો પર હલ્લો કર્યો અને પાકિસ્તાનના સૈન્યને પાછા ફરવાની ફરજ પાડી અને તેમની લગભગ અર્ધા ભાગની રણગાડીઓ અને અર્ધા ભાગના વિમાનોનો નાશ કર્યો અને આપણું સૈન્ય રણમેદાનમાં નબળુ નથી એમ સાબિત કર્યું. યુનોની સલામતી સમિતિએ બન્ને વચ્ચે હમણાં સમાધાન કરાવેલ છે. આ સમાધાન કાયમી નીવડે અને બન્ને દેશો ભવિષ્યમાં શાંતિથી રહે તેવી પરમાત્મા પ્રત્યે પ્રાર્થના છે. આ વિગ્રહ વખતે એક કમનસીબ બનાવ બન્યો હતો. આપણા (ગુજરાતના) મુખ્ય સચિવ શ્રી બળવંતરાય ગોપાળજી મહેતા વિમાનમાં દ્વારકા જતા હતા ત્યારે બે પાકિસ્તાની ફાઈટરોએ તેમના વિમાન પર હલ્લો કર્યો અને તેને સળગાવી દીધું તેથી શ્રી બળવંતરાય મહેતા અને તેમના પત્ની સરોજબેન અને બીજા પાંચ બળી મુઆ. પરમાત્મા તેમના આત્માને શાંતિ આપો તેવી પ્રાર્થના છે.

ગત વર્ષમાં આપણા તીર્થ સમેતશિખર સંબંધી બિહાર સરકાર સાથે સમાધાન થયેલ છે પણ આ સમાધાનથી દીગંબર જૈન સમાજને સંતોષ થયેલ નથી તેથી બિહાર સરકાર, શ્વેતાંબર જૈન સમાજ અને દીગંબર જૈન સમાજ વચ્ચે ફરીવાર એક મીટીંગ મળી હતી અને બન્ને ફીરકા વચ્ચે સમાધાન થશે એવી આશા રાખવામાં આવે છે.

વિગ્રહ વખતે પાકિસ્તાને જોધપુર વગેરે શહેરો પર સખત બોંબમારો કરેલ હતો તેથી જોધપુરના અને જેસલમીરના આપણા જ્ઞાન ભંડારોને હવે તે સ્થળોએ રાખવા



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સલામત નથી એમ લાગે છે તેથી જૈન સમાજે આ ભંડારોની પ્રતોને અને પુસ્તકોને અન્ય યોગ્ય સુરક્ષિત સ્થળે ખસેડવાની જરૂર છે.

પચાસ વર્ષ પછીના વૃદ્ધ મુમુક્ષુઓ એક સ્થળે ભેગાં રહે અને સ્વાધ્યાય વગેરે કરી શકે તે માટે પાલીતાણા પાસે સોનગઢમાં આવો આશ્રમ ઉઘાડવાની બહુ જ જરૂર છે. આવા આશ્રમમાં એક પંડિતજીને અથવા ધાર્મિક શિક્ષકને રાખવામાં આવે અને તે સવારમાં લગભગ બે કલાક અને બપોર પછી લગભગ બે કલાક નિયમસર જ્ઞાનસાર, આનંદઘનજીના પદો અને સ્તવનો અથવા તત્વાર્થ સૂત્ર પર વિવેચન કરે અને દરરોજ રાત્રે નિયમસર ભાષણ આપે અથવા ચર્ચા કરે. વળી આવા આશ્રમમાં એક સુંદર લાઇબ્રેરી અને એક સુંદર વાંચનાલય રાખવામાં આવે કે જેથી વૃદ્ધ જીજ્ઞાસુઓ પોતાના જ્ઞાનમાં વધારો કરી શકે.

અત્યારે મોજશોખના સાધનો વધતાં જાય છે છતાં સુખ અને શાંતિ કયાંય નજરે પડતા નથી. સર્વ સ્થળે અશાંતિનો સાગર ઘુઘવે છે. શ્રીમંતો સુખી દેખાતા નથી તેમજ મધ્યમ વર્ગના અને ગરીબ લોકો દુઃખી માલુમ પડે છે. આ અશાંતિના કારણો નીચે પ્રમાણે છે. (૧) દરેક મનુષ્યે હક્ક કરતાં વધારે ઇચ્છયું. (૨) બીજાના સુખને દેખી ઇર્ષ્યા કરી. (૩) સઘળું પોતાનું કરી લેવાની રાક્ષસી ઇચ્છા કરી. (૪) બીજાને આપવાની દાનત ન રાખી. આ કારણોને થોડે અંશે જો દૂર કરવામાં આવે તો અશાંતિ ઓછી થશે તેમ લાગે છે.

આ નૂતન વર્ષ સર્વે લાઇફ મેમ્બરોને, સભાસદ્ બંધુઓને અને માસિકના ગ્રાહકોને સુખરૂપ નીવડો તેવી પરમાત્મા પ્રત્યે પ્રાર્થના છે.

**દીપચંદ જીવણલાલ શાહ**
**ઓ. સેક્રેટરી**

ઉપાધ્યાય શ્રી: વિનયવિજયજી વિરચિત **શ્રી શાંત સુધારસ** (પ્રથમ ને દ્વિતીય ભાગ)

આ ગ્રંથ અપૂર્વ શાંત તેમજ વૈરાગ્ય રસથી ભરપુર છે. જૈન સાહિત્યમાં રાગ-રાગણી સાથે સંસ્કૃત ભાષામાં બનેલો આ એક જ ગ્રંથ છે. કર્તાએ તેના વિષયની પુષ્ટિ બહુ ઉત્તમ પ્રકારે કરી છે. તેનો અર્થ ને વિવેચન સ્વ. ભાઈ મોતીચંદ ગીરધરલાલે બહુ વિસ્તારથી લખેલ છે. આ ગ્રંથના બે ભાગમાં મળીને કુલ ૧૬ ભાવના આપેલી છે તેમાં પ્રથમ ભાગમાં નવ ભાવનાનો સમાવેશ કરેલ છે. બીજા ભાગમાં બાકીની સાત ભાવના ઉપરાંત કર્તા શ્રી વિનયવિજયજી મહારાજનું ચરિત્ર પૃષ્ઠ ૧૬૦માં આપેલું છે. બંને ભાગ ૫૦૦ ને ૫૪૦ પૃષ્ઠના છે. કિંમત દરેક ભાગના ૩-૫૦ રૂપીયા છે. બંને ભાગ સાથે મંગાવનારે રૂા. ૯-૫૦ રૂપીયા નવ પચાસ પૈસા મોકલવા પોસ્ટેજ સહીત. લખો :-શ્રી જૈન ધર્મ પ્રસારક સભા-ભાવનગર

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# શ્રી વર્દ્ધમાન–મહાવીર

મણકો ૨ જો :: લેખાંક : ૧૧

લેખક : સ્વ. મોતીચંદ ગિરધરલાલ કાપડિયા (મૌક્તિક)

અહીંથી પૃથ્વીનો આકાર ફરે છે. પાંચમા અને છઠ્ઠા દેવલોક વચ્ચે અંતર રહે છે અને તે એક ઉપર એક એમ આવી રહેલા છે. છઠ્ઠા દેવલોકનું નામ લાંતક દેવલોક કહેવાય છે. આ છઠ્ઠા દેવલોકની ઉપર સાતમું દેવલોક આવે છે. તેનું નામ શુક્ર દેવલોક છે, તે પણ છઠ્ઠા દેવલોકની ઉપર જ આવે છે અને તેના પણ અલગ ઇન્દ્ર હોય છે સાતમા દેવલોકની ઉપર આઠમું દેવલોક આવે છે. વચ્ચે ભૂમિનું અંતર રહે છે. આ આઠમા દેવલોકનું નામ સહસ્રાર દેવલોક છે. તે પણ સાતમા દેવલોકની ઉપર આવી રહેલ છે અને તેની અને સાતમા દેવલોકની જમીન વચ્ચે આંતરો છે. નવમા દેવલોકનું નામ આનત દેવલોક છે તેની અને આઠમા દેવલોકની વચ્ચે જમીનનો આંતરો રહે છે. પણ તે દક્ષિણ દિશાએ આવેલ છે. અહીં પાછો પુરૂષાકાર ફરી જાય છે, કારણ કે નવમા દેવલોકની ઉત્તર દિશાએ સમાન ભૂમિકાએ દશમું દેવલોક જેનું નામ પ્રાણત દેવલોક છે તે દશમું દેવલોક આવે છે. આ દશમા દેવલોકથી મહાવીર પ્રભુનો જીવ ચ્યવ્યો હતો તેથી આપણે તેને જાણીએ છીએ, કારણ કે તે પર પ્રભુનો છવીશમો ભવ થયો હતો. અગાઉના પ્રથમ ભાગમાં તે દેવલોકનાં સુખસંબંધી વર્ણન થઇ ગયું છે તે પરથી તેનાં સુખ અને આયુષ્ય સંબંધમાં કાંઇક ખ્યાલ આપણને થઇ ગયો છે. આ નવમા અને દશમા દેવલોકની સમાન ભૂમિકા પછી કેટલાક અંતરે વળી અગિયારમું દેવલોક આવે છે. તેનું નામ આરણ્ય દેવલોક કહેવાય છે. અને તે જ દેવલોકની ઉત્તર દિશાએ બારમું અચ્યુત દેવલોક આવે છે. આ બન્ને દેવલોકો જો સમગ્ર પૃથ્વીને પુરૂષાકાર આપવામાં આવે તો લગભગ ગળાને સ્થાનકે આવે છે. આ પુરૂષાકારના માથાને સ્થાનકે પાંચ અનુત્તર વૈમાનો આવે છે, તેના દેવો કલ્પાતીત છે અને કપાળ:સ્થાને સિદ્ધશિલા આવે છે, તેમાં સર્વથી ઉપર સિદ્ધના જીવો રહે છે. આપણને અત્યારે તો કલ્પોપન્ન દેવોનું જ કામ છે, કારણ કે તે સર્વ જન્માભિષેક વખતે મેરૂપર્વત પર આવે છે. કલ્પાતીતમાં બીજા લોકાંતિક દેવો હોય છે તે સાતમા દેવલોકની પછીના ભાગમાં થોડે અંતરે આવે છે. આપણે આ અને અનુત્તર વિમાનના કલ્પાતીત દેવોનું કામ નથી. કલ્પોપન્ન ઉપરના દેવોએ પ્રભુનો જન્મ કેવી રીતે મેરૂપર્વત પર ઊજવ્યો તે અત્ર પ્રાસંગિક હકીકત છે અને એ દેવોએ ઊજવેલો મહોત્સવ આપણે વર્ણવીએ. અત્ર નીચેના ભાગમાં કલ્પોપન્ન દેવકૃત જન્મોત્સવની વિગત જણાવવામાં આવે છે;—

એક કલ્પ એવો છે કે આ દક્ષિણ ભરતના ઉપરી તરીકે રાજાસ્થાને સૌધર્મ દેવલોકના ઇન્દ્રને સ્થાન મળે છે અને રાજાઓ આ પૃથ્વીનું પોતાનું રાજ્ય માનતા હતા, પણ દેવલોકમાં સુધર્મા ઇન્દ્ર પોતાને એનો ઉપરી ગણતો હતો. આવી રીતે કોઈ સાથે પૃથ્વી ગઇ ન હતી, તેણે કોઇને સ્થાયી રાજા તરીકે સ્વીકાર્યો નથી અને કોઈની સાથે જવાની નથી. જ્યારે સર્વ દેવો અને અસુરો મેરૂપર્વત પર જાય છે, ત્યારે સુધર્મા ઇન્દ્ર આ દક્ષિણ ભરતના બિહારના ક્ષત્રિયકુંડ નગરે આવે છે અને પ્રભુના નાના શરીરને નમન કરી આખા રાજકૂળમાં એક પ્રકારની અવસ્વાપિની નિદ્રા આપી દે છે. આ સંભાળ લેવાનું કારણ એ છે કે કોઈ ભડકીને કદાચ જાગી જાય તો ભારે ગડબડ થઈ જાય અને ગોટા થઇ જાય. આ શક્યતા દૂર કરવા તે પ્રથમ તો આખા રાજકૂળને ઊંઘાડી દે છે અને તેમાં ચોકીદાર પોલિસનો પણ સમાવેશ થઇ જાય છે. આખું રાજકૂળ તે ઊંઘને પ્રતાપે ભર ઊંઘમાં પડી જાય છે અને તે વખતે ઇન્દ્ર પોતાનું કામ કરે છે તે નીચે પ્રમાણે હોય છે.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



એ સૌધર્મ ઇન્દ્ર આવીને પ્રથમ માતા ત્રિશલા દેવીને નમે છે. આવા જગદ્વંદ્ય પ્રભુને જન્મ આપવા માટે તેણે તેને અભિનંદન આપ્યા અને એ જ વખતે એણે પ્રભુની સ્તુતિ શક્ર સ્તવ( નમુત્થણં )થી કરી દેવીને મહા ઉપકાર કરનાર અને પ્રાણીઓને ધર્મ બતાવનાર આવા મહાપુરૂષને જન્મ આપવા અને મહિનાઓ સુધી કુક્ષીમાં ધારણ કરી વહન કરવા માટે એણે દેવી ત્રિશલાને ધન્યવાદ આપ્યો અને પ્રભુની શક્રસ્તવથી સ્તુતિ કરી શક્રસ્તવથી સ્તુતિ કરવાનો તેનો કલ્પ છે અને તે કલ્પાનુસાર એ ઇન્દ્ર સ્તુતિ કરે છે. એ નમુત્થુણં અથવા શક્ર સ્તવનો દરેક શબ્દ અર્થગર્ભિત છે અને વિચારવાથી આહ્લાદ કરાવે તેવો છે એમાં ભગવાન તીર્થ કરનાર અને સ્વયંબુદ્ધ તરીકે ધર્મસારથિ તરીકે વર્ણવેલા છે અને તે તદ્દન વાસ્તવિક વર્ણન છે. લગભગ પ્રત્યેક જૈનને આ શક્ર સ્તવનો પાઠ આવડતો હોય છે તેથી અત્ર તે આપવામાં આવતો નથી; પણ તેનો ગંભીર અર્થ જરૂર વિચારવા અને સમજવા યોગ્ય છે. એના પર અનેક ગ્રંથો લખાયેલા છે અને તે પણ અભ્યાસ કરવા યોગ્ય છે. ખાસ કરીને શ્રી હરિભદ્રસૂરિની બનાવેલી લલિત વિસ્તરા તો જરૂર સમજવા યોગ્ય છે. ઉપમિતિ ભવ પ્રપંચાના કર્ત્તા શ્રી સિદ્ધર્ષિ ગણી બૌદ્ધ થઈ ગયા હતા તે પોતાના ગુરુ પાસે આ ગ્રંથ વંચાતો સાંભળી જૈન ધર્મમાં પાછા આવી ગયા. આ ગ્રંથ લભ્ય છે અને સારી રીતે સમજવા યોગ્ય છે. આવા સરસ શક્રસ્તવથી ભગવાનની સ્તુતિ કરી સૌધર્મેન્દ્રે પોતાની જાતને ધન્ય માની. અને સ્તુતિમાં પોતાના થોડા શબ્દોનો વધારો પણ કર્યો. આ લલિત વિસ્તરા સંબંધી હકીકત મારા સિદ્ધર્ષિ સંબંધના ગ્રંથના પૃ. ૩૪૧ ઉપર સ્થાપી કરી દીધી છે, ત્યાંથી જોઇ લેવા વિજ્ઞપ્તિ છે. એ ગ્રંથ શ્રી જૈનધર્મ પ્રસારક સભામાં લભ્ય છે અને એક લેખકનો શો મહિમા છે તે સંબંધી અનેક હકીકતો જણાવનાર હોઇ વાચન કરવા યોગ્ય છે.

અહીં ઇન્દ્રે તો પછી તુરત જ વૈક્રિય લબ્ધિથી પાંચ રૂપ પોતાના જ કર્યાં. ઇન્દ્ર ધારત તો પોતાનાં પાંચ રક્ષક દેવોને કે કુલદેવોને એવાં રૂપ ધારણ કરવા ફરમાવી શકત, પણ આવો અમૂલ્ય લાભ તો ઇન્દ્રે પોતે જ લેવો હતો અને તેથી તેણે જ પોતાનાં પાંચ શરીર બનાવ્યાં અને કવચિત્ મળતો આવો લાભ પોતે જ લીધો. આ પાંચ રૂપ કરીને તેનો ઉપયોગ પણ કર્યો તે આ પ્રમાણે:—બે બાજૂ ચમર પણ પોતે જ બીજા દેવનારૂપે ઢાળે અને આગળ એકરૂપે વજ્ર ઉછાળતાં પ્રભુની સ્તુતિ કરે અને આગળ ચાલીને કોઈ પણ પ્રકારનો પ્રત્યવાય–માણસ, જનાવર કે દેવનો દૂર કરે અને ચોથારૂપે પ્રભુની પછવાડે છત્ર ધારણ કરે જ્યારે રાજાઓ હતા, ત્યારે આ છત્રધારીઓને મોટું માન મળતું હતુ. તેઓ રાજા પર પડતા તડકાને દૂર કરતા, પણ રાજવૈભવ ધરાવનાર રાજાની પાછળ છત્ર ધરીને ચાલવું એ ઘણી મહત્વની બાબત હતી. છત્રધારીનું સ્થાન પણ રાજદરબારમાં જેવું તેવું નહોતું. આવા છત્રધારીનું સ્થાન પણ સૌધર્મેન્દ્રે પોતાને માટે જ રાખી લીધું અને પાંચમા રૂપે પ્રભુના એક હાથના શરીરને પોતાના બે હાથવડે ધારણ કર્યું, એ ધારણ કરી મેરૂપર્વત તરફ પ્રયાણ કરતાં એણે ( સૌધર્મેન્દ્રે ) એક સાવચેતી વાપરી. જો કે એમણે અવસ્વાપિની નિદ્રા તો ઘરના સર્વ માણસો અને વસનારાઓને આપી દીધી હતી, પણ કદાચ કોઇ જાગી જાય તો તેને ચિંતા ન થાય તેટલા સારૂ માતા ત્રિશલાની પાસે પ્રભુ જેવી આકૃતિની એક પ્રતિકૃતી બનાવીને મૂકી દીધી, એથી માતાને કે ઘરના કોઈ માણસને પુત્રને કોઇએ છુપાવી દીધો છે એમ ન લાગે. અવસ્વાપિની આ તો માત્ર એક સાવચેતી જ હતી અને તે પણ ઇંદ્રે લીધી.

આ પ્રમાણે ધારણા કરીને સર્વ પ્રકારની બનતી સાવચેતી લઇને ઇન્દ્ર મહારાજે પોતાના બે હાથમાં પ્રભુને લેઇ અને ક્ષત્રિયકુંડ નગરમાંથી મેરૂપર્વતે જ્યાં સર્વ દેવોને આવવાની પોતે ઉદ્ઘોષણા સુઘોષા ઘંટા દ્વારા કરી હતી અને જ્યાં બાકીના ત્રેસઠ ઇન્દ્રો અને અનેક દેવદેવીઓ સીધા પોતપોતાને સ્થાનકેથી પહોંચી ગયા હતા, ત્યાં પોતાના અનેક દેવદેવીઓના પરિવાર સાથે પહોંચવા માટે ચાલ્યા.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



તે વરઘોડાની મોટી ભવ્યતા થઇ ગઈ, આગળના દેવો પાછળ રહી ગયેલા દેવના વખાણ કરે છે, કારણ કે પાછળના દેવો તો પ્રભુને જોઈ શકતા હતા અને વરઘોડામાં પાછળ ચાલતા દેવો આગળ ચાલતા દેવોના વખાણ કરે છે કે તેઓ પ્રભુની પણ આગળ ચાલવાને ભાગ્યશાળી થયા છે આ રીતે પાંચ રૂપે ઇન્દ્ર લાભ લઇ રહ્યા છે અને મોટી સંખ્યાના દેવદેવીઓને પરિવારે પરવારેલ પ્રભુને લઇને મેરૂપર્વત ઉપર પહોંચી ગયા અને ત્યાં વરઘોડાને વિસરામ કરવામાં આવ્યો.

ઇન્દ્રે પણ સોનાના કુંડળો પહેર્યાં હતાં અને સારામાં સારાં વસ્ત્રો ધારણ કર્યાં હતાં.

એક લાખ જોજન ઊંચા અને જમીનમાં એક હજાર જોજન ગયેલા આવા મેરૂ પર્વત ઉપર પાંડુક શિલા નામનો એક સપાટ વિભાગ છે. એ શિલા ઉપર જ જિન અભિષેક કરાવવાનો ઘણા સમયથી રિવાજ હતો. ત્યાં અનેક દેવ દેવીઓ અને અસુરો હાજર થયા હતા.

એ વખતે અઢીસે તો અભિષેક કરવાના હતા. એ અઢીસે અભિષેક માટે જે કળશો જોઇએ તે હાથમાં ઝાલી ઇન્દ્રો તથા દેવો ઊભા રહ્યાં હતા. પ્રથમ આપણે તે અઢીસે અભિષેક કેવા પ્રકારના થાય છે તેનું વર્ણન શાસ્ત્રમાં આપેલું છે તે જોઇ જઇએ. અઢીસે અભિષેક નીચે પ્રમાણે થાય છેઃ—

૧૦ વૈમાનિક દેવોના દશ ઇન્દ્રો, બાર દેવલોકના ઉપર જણાવ્યું તેમ થાય છે તે પ્રત્યેકનો એક એક અભિષેક, એમ દશ અભિષેક.

૨૦ દશ ભુવનપતિના ઇંદ્રના વીશ ઇંદ્ર, પ્રત્યેકનો એક એક અભિષેક.

૩૨ વ્યંતર અને વાણવ્યંતરના બત્રીશ ઇંદ્ર, ઉપર ગણાવ્યા છે તે પ્રત્યેકનો એક એક અભિષેક.

૧૩૨ અઢી દ્વીપમાં આવેલ ૬૬ છાસઠ સૂર્ય અને છાસઠ ચંદ્ર જેમાંના બે ઇંદ્ર છે તેમના તરફના એક એક અભિષેક.

૮ સૌધર્મેન્દ્રની આઠ અગ્રમહિષી-રાણીઓ પ્રત્યેકનો એક એક અભિષેક.

૮ ઇશાનેંદ્રની આઠ અગ્રમહિષી, પ્રત્યેકનો એક એક અભિષેક.

૫ ચમરેંદ્રની પાંચ અગ્રમહિષી-રાણીઓ પ્રત્યેકનો એક એક અભિષેક

૫ બળીંદ્રની પાંચ અગ્રમહિષીઓ-રાણીઓ દરેકનો એક એક અભિષેક.

૬ ધરણેંદ્ર છ પટ્ટરાણીઓ-પ્રત્યેકનો એક એક જુદો અભિષેક.

૬ ભુતાનેંદ્રની છ પટ્ટરાણીઓ, પ્રત્યેકનો એક એક અભિષેક.

૪ ચાર વ્યંતરની ચાર અગ્રમહિષીઓ; દરેકનો એક એક અભિષેક.

૪ જ્યોતિષ્કદેવની ચાર અગ્રમહિષીઓ, પ્રત્યેકનો એક એક અભિષેક.

૪ ચાર લોકપાળના ચાર. દરેકનો એક એક અભિષેક.

૪ અંગરક્ષક દેવનો એક એક અભિષેક. એમ ચાર અભિષેક.

૧ સામાનિક દેવનો એક અભિષેક.

૧ સર્વ કટકના દેવો તરફનો એક અભિષેક.

૧ ત્રાયસ્ત્રિંશક દેવોને એક અભિષેક.

૧ પર્ષદાના દેવોને એક અભિષેક.

૧ પન્નિગસુર એટલે પ્રજાસ્થાનના દેવોનો એક અભિષેક.

૨૫૦)

આ દેવો તરફના ૨૫૦) અભિષેક થાય છે. મોટાં મોટાં કળશો તેનાં યોજનો સુધી ગયેલા લાંબા નાળવાં અને તેમાં દેવોએ આણેલ માગધ, વરદામ આદિ તીર્થોનું પાણી જોઇ ખોળામાં પ્રભુને લઇને બેઠેલા સૌધર્મેન્દ્રને વિચાર થયો કે આ એક હાથ લાંબા પ્રભુ અને આવડાં મોટાં નાળચાં વાળાં ભરેલા કળશોનો ભાર પ્રભુ કેમ સહન કરી શકશે? આ તો ભારે વાત થઈ? અને આવડા નાનકડા પ્રભુ આવડો મોટો પાણીનો મારો કેમ સહન કરી શકશે? આવી શંકા ઇન્દ્રને પોતાના મનમાં ખોળામાં બેઠેલા નાનકડા પ્રભુને જોતાં થઇ.

ઇન્દ્રને આવી શંકા થાય તે સ્વાભાવિક હતું. અત્યાર સુધીના પ્રભુઓ તો પ્રમાણમાં સ્થૂળ અને

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



આકૃતિએ મોટા હતા, પણ આ તો જન્મ વખતે એક હાથનું શરીર ધારણ કરનાર નાનામાં નાના પ્રભુ હતા અને ઉપર જણાવેલ કળશો તો મોટાં નાળચાંવાળાં હતાં તેના ભારને આવડા નાનકડા પ્રભુ કેમ સહન કરી શકશે એવી શંકા થાય તે કુદરતી હતું.

પણ ઇન્દ્ર પ્રભુનું આંતરંગ બળ જાણતા નહોતા, તેઓને પ્રભુના બળનો ખરેખરો ખ્યાલ નહોતો. પ્રભુએ પણ અવધિજ્ઞાનથી ઈંદ્રને મનમાં થયેલ શંકા જાણી લીધી અને તે શંકાનું નિવારણ કરવા માટે તેમણે પોતાનો જમણો અંગુઠો મેરૂ પર્વત ઉપર ચાંપ્યો–દાબ્યો એટલે તો ચારે બાજુ હાલકલ્લોલ થઇ ગયો, જમીન હાલવા લાગી, ઝાડો પડવા લાગ્યા અને પ્રાણીઓ–જનાવરો દોડાદોડ કરવા લાગ્યા. ઈંદ્રે આ સર્વ જોયું અને પોતાના જ્ઞાનનો (અવધિ જ્ઞાનનો ) ઉપયોગ મૂકતાં આ પ્રભુનું કાર્ય જાણીને તરત જ પોતાની વિચારણા માટે પ્રભુની અનંત શક્તિ માટે પોતાને આવો વિચાર થયો તેને અંગે પોતે શરમાઇ ગયો અને પ્રભુમાં તો મોટાં મોટાં નાળચાંવાળા અનેક કળશોના પાણીનો ભાર સહન કરવાની શક્તિ છે એનો ખ્યાલ આવી જતાં પોતાના વિચારો માટે ખેદ થવા લાગ્યો. મોટો ધરતીકંપ ઇંદ્ર તો જોઇ જ રહ્યો અને આખા વિશ્વમાં મોટો ધરતીકંપ જોઇને તો ખૂબ જ શરમાઇ ગયો. મેરૂના અનેક શિખરોને પડતા પડતા એ જોઇ રહ્યો અને પ્રભુની અનંત શક્તિ છે એનો પ્રથમથી પોતે ખ્યાલ ન કરી શકયો તે માટે જરા નાખુશ થયો.

પ્રભુએ આવી રીતે જમણા પગના અંગુઠાથી મેરૂપર્વતને સ્પર્શ કર્યો તેથી જાણે મેરૂપર્વત નાચી ઊઠયો હોય એમ આ ઘટનાથી અનેક કવિઓએ કલ્પના કરી છે અને ધરતીકંપની હકીકત પર પોતાની કલ્પનાને લંબાવી છે. આવી રીતે મેરૂ-કંપની હકીકત બન્યા પછી ઉપર જણાવેલ અઢીસો અભિષેક થયા, અનેક દેવ દેવીઓએ તેમના વારા પ્રમાણે તેમાં ભાગ લઇ પ્રભુને સ્નાન કરાવ્યું અને પોતે લાવેલ તીર્થોદકનો સારી રીતે ઉપયોગ કર્યો અને પ્રભુને અભિષેક કર્યા પછી દેવોએ તમની સ્તુતિ કરી.

પછી ધૂપ, દીપક, ફળ, નૈવેદ્યથી પ્રભુની સ્તુતિ સ્તવના કરી. આ આખો વખત ઇન્દ્રે ખોળામાં પ્રભુને રાખ્યા હતા તે વખતે હર્ષમાં આવી જઇને ઇશાનેંદ્ર જે પોતાનો પાડોશી હતા તેના ખોળામાં પ્રભુને આપ્યા અને પોતે ચાર વૃષભ (બળદ)નું રૂપ લીધું. આ ચાર સફેદ બળદના આઠ શીંગ થયા તે આઠે શીંગડાંમાંથી એણે પાણીની ધારા એવી રીતે વહાવી કે ઊડીને ઉપર ગયા પછી એ આઠ ધારા એક થઇ જાય અને પ્રભુના શરીર પર એક ધારાએ જ પડે આ માંત્રિક પ્રયોગ છે અને સૌધર્મેંદ્ર જેવા દેવને સુસાધ્ય છે એ પ્રમાણે એક ધાર વડે પ્રભુને અભિષેક કર્યા પછી તેમની ધૂપ, દીપક, ફળ, નૈવેદ્યથી પૂજા કરી અને પ્રભુનો એ રીતે જાતે અભિષેક કર્યા પછી તેને પાછા પોતાના બે હાથમાં લઈ પોતે ક્ષત્રિયકુંડ નગરે પ્રથમ ગયા હતા તેમ ગયા જ્યારે બાકીના સર્વ દેવો નંદીશ્વર દ્વીપે ગયા.

આ નંદીશ્વર આઠમો દ્વીપ છે. ત્યાં સૌધર્મેંદ્ર પણ ક્ષત્રિયકુંડેથી આવ્યા. આ નંદીશ્વર દ્વીપનું વર્ણન મોટા ક્ષેત્ર સમાસમાં કર્યું છે. ત્યાં સર્વ દેવ દેવીઓએ અને ઇન્દ્રોએ મળી આઠ દિવસ સુધી પ્રભુનો જન્મ ઊજવ્યો અને પોતાની જાતને આવા જન્મ માટે ધન્ય માની પોતપોતાને સ્થાનકે આઠ દિવસ પછી સર્વ દેવ દેવીઓ અને ઇન્દ્રો ગયા. આ પ્રમાણે પ્રભુનો જન્મોત્સવ દેવકૃત થયો. એનું વર્ણન અનેક સ્નાત્રોમાં મેં વાંચેલ હોઈ તે જરા વધારે વિસ્તારથી મેં વર્ણવ્યો છે.

ઇન્દ્રે જતાં જતાં પ્રભુના જમણા અંગુઠામાં અમૃત સીંચ્યું. નાના બાળકો જે વસ્તુ જુએ તે મુખમાં મૂકે છે અને ખાસ કરીને દાંત આવતી વખત જમણો અંગુઠો ચાવે છે. મનુષ્યનો અભ્યાસ કરવાથી આ વાતની મહત્તા જણાશે અને ત્રિશલાદેવીના ઓશીકા પર રત્નનો ગેડી અને દડો એ વસ્તુ પ્રભુને રમવા માટે મૂકી ગયા. પ્રભુ પણ મનુષ્ય અને બાળક હતા અને નાના છોકરાઓને રમવાની ચીજ ઉપર લક્ષ્ય પ્રથમ જાય છે અને તે જ તેઓમાં સમજણ આવી છે એની નિશાની છે. આ પ્રસંગને સિદ્ધારથ રાજાએ કેવી રીતે ઊજવ્યો તે હવે સંક્ષેપથી જોઈ જઇએ. આ મનુષ્યકૃત જન્મોત્સવ થશે. ( ચાલુ )

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# વિનય અને નિર્ભયતા

લેખકઃ–સાહિત્યચંદ્ર બાલચંદ હીરાચંદ, માલેગામ

જગતમાં અનેક જાતના કામો માણસને કરવા પડે છે. તે કાર્યો ધર્મના ક્ષેત્રમાં હોય, સામાજીક ક્ષેત્રમાં હોય કે જ્ઞાનવિજ્ઞાનના ક્ષેત્રમાં હોય અગર રાષ્ટ્રીય ક્ષેત્રે હોય, એમાં સિદ્ધિ પ્રાપ્ત કરી લેવાની હોય તો તેમાં પ્રથમ નિર્ભયતાની જરૂર હોય છે નિર્ભયતા હોય તોજ કાંઇ પરાક્રમ–કરી બતાવવામાં આવી શકે અને એવો પરાક્રમ વિનયથી જ જીરવી શકાય. એટલે નિર્ભયતા હોય તો કાંઇક કરી શકાય અને વિનયથી તે પરાક્રમ દીપી નિકળે. પરાક્રમ ગમે તેવું મોટું હોય, પ્રશંસનીય હોય, છતાં તેની સાથે વિનયની સુગંધ ન હોય તો તે પરાક્રમ છતાં તુચ્છ કાર્ય ગણી તેની પ્રશંસા કોઈ ન કરે! કોઇ એકાદ સારૂ કાર્ય કરી પોતાના મોઢે તેના ગુણગાન કરવા બેસે અગર સ્તુતિ સ્તોત્રો ગાતો બેસે ત્યારે તે પરાક્રમને જરા જેવી પણ શોભા રહેતી નથી. ગર્વ, ઉદ્ધતાઈના પ્રવાહમાં તે તણાઈ જઇ નામશેષ થઈ જાય છે.

પુરાણોમાં યયાતિ રાજાની એક કથા આવે છે. તેમાં યયાતિ રાજા ઘણા પુણ્યકાર્યો કરી ઈંદ્રલોકમાં જાય છે. અને ઉંચા આસને જઇ બેસે છે. ઇન્દ્રના મનમાં એવો વિચાર આવ્યો કે, રાજાએ સ્વર્ગલોક મેળવ્યુ ખરૂ, પણ એ માટે કરેલું પુણ્ય સાચુ છે કે કેમ, એની જરા પરીક્ષા કરી જોઉં. ઈંદ્રે રાજા પાસે આવી રાજાને પ્રશ્ન કર્યો; ભાઈ, તમે સ્વર્ગમાં આવ્યા છો ત્યારે માનવ જન્મમાં તમે કેવા પુણ્યના કામો કર્યા છે તે જરા અમને કહો તો ખરા. યયાતિ રાજાને ખૂબ આનંદ થયો. અને પોતાના પુણ્ય-કર્મોનો અહંકાર જાગ્યો.ઓ હો! હું કેવો પરાક્રમી અને કેવો પુણ્યશાલી છું! મારા પરાક્રમ અને પુણ્ય-કાર્યોની ગુણગાથા ખુદ ઈંદ્ર મહારાજા જાણવા માગે છે. ધન્ય છે મારા આત્માને! અને મારા પુણ્ય કાર્યને! એમ કહી રાજા પોતાના દાનધર્મ, વ્રત અને ઉદ્યાપન, પરોપકાર વગેરે અનેક કાર્યોથી પ્રશંસા કરવા માંડ્યો. જરા જરા જેવા કાર્યોની યાદી ઇન્દ્ર મહારાજા આગળ મૂકવા માંડી. અને હર્ષાતિરેકથી ફુલાઈ પોતાના વક્તવ્યની ઇન્દ્ર ઉપર કેવી અસર પડી તે જોવા માંડ્યો. એટલામાં તો દેવદૂતો ત્યાં હાજર થઇ ગયા અને ફરી મૃત્યુલોકમાં રાજાને ધકેલી દેવા ઇન્દ્રે તેમને આજ્ઞા કરી. રાજા ગભરાયો શું બન્યું એ એના ધ્યાનમાં આવ્યું નહીં, ત્યારે ઇન્દ્રે તેને જણાવ્યું કે તારી બધી સિદ્ધિઓ મારાથી કાંઇ અજાણી હતી નહીં. મેં તો એ પુણ્ય તારાથી જીરવી શકાયુ કે નહીં, તારામાં પોતાના કાર્ય માટે અહંકાર જાગ્યો છે કે વિનય નમ્રભાવ જાગ્યો છે એટલું જ મારે જોવાનું હતું. જ્યારે તારાજ નિવેદન ઉપરથી તને અહંકાર જાગ્યો છે એ વાત સિદ્ધ થઇ ચુકી છે. ત્યારે એ પુણ્યનું ફળ તેં પોતાને હાથે જ ગુમાવ્યું છે. તારામાં વિનય પરિણમ્યો નથી. તેથી તને એ પુણ્યનું ફળ ભોગવવાનો કાંઈ અધિકાર નથી. માટે તને ફરી એકડે એકથી તારૂં કાર્ય શરૂ કરવા માટે મૃત્યુલોકમાં મોકલવો પડે છે. એમાં દોષ બીજા કોઇનો નહીં પણ તારો જ છે. એમ કહી રાજાને ફરી માણસના ભવમાં મોકલી આપવામાં આવ્યો.

આ કથા આપણને ઘણો બોધ આપી જાય છે. રાજાએ પુણ્ય કર્યું એમાં શંકા નહીં. પણ એ જીર-વવા માટે વિનયની કેટલી જરૂર હોય છે એ એના ધ્યાન બહાર રહ્યું અને તે અહંકારના મોહમાં સપ-ડાયો. અને પુણ્યનું ફળ ખોઈ બેઠો. અર્થાત્ પરાક્રમ સાથે વિનય હોય તો જ તે દીપી નિકળે. તેમ ન હોય અને પોતાના વખાણ કરવામાં જ માણસ ગૌરવ માનવા માંડે તો તે નક્કી જ પોતાના ભલા કાર્ય ઉપર પણ પાણી ફેરવી બેસે છે.

સારા પુણ્યના કામ કરવાને પણ હીંમત અને નિર્ભયતા રાખવી પડે છે. ઘણા લોકો હું કરૂં કે ન કરૂ? એવા વિચારમાંને વિચારમાં પોતાનું આયુ



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પૂર્ણ કરી નાંખે છે. હું આમ કરૂં તો લોકો મને શું કહેશે ? એવી તુચ્છ શંકામાંને શંકામાં એ કામને શરૂ પણ કરતો નથી. રખેને મારૂં કાંઈ નુકશાન તો નહીં થાય ને ! લોકો મને ભલુ કહેશે કે બુરૂં ! મારા ઉપર કાંઈ આપત્તિ તો નહીં આવે ને ! એવા નમાલા વિચારોમાં ગુંથાઇ હીંમત હારી પુણ્યના કામો કરતો નથી શંકા નામની ડાકણ એની સામે અનેક ભયસ્થાનો ઉભા કરે છે. ઘણી વખત તો રૂડો પ્રસંગ આવી ઉભો રહે છે. છતાં હીંમત હારી કામ કરવાનું મૂકી દઈ હાથ ઘસતો રહી સારા કાર્યોથી દૂર ભાગી છુટે છે. અને પોતાને યુક્તિબાજ ગણે છે. પણ પાછળથી એને પસ્તાવાનો વખત આવે છે. તેથી જ સુભાષિતકાર કહે છે કે,

प्रारभ्यते न खलु विघ्नभयेन नीचैः,
विघ्नैः पुनः प्रतिहता विरमंति मध्याः ।
विघ्नैः पुनःपुनरपि प्रतिहन्यमानाः,
प्रारब्धमुत्तमजना न परित्यजन्ति ॥

એટલે હલકા તુચ્છ વિચારના લોકો કોઇ કામ કરતા ડરતા રહી કાર્યને આરંભ જ કરતા નથી. અને મધ્યમ વિચારના લોકો પોતાની સામે વિઘ્ન આવી ઉભુ રહે છે ત્યારે ડરપોક બની આરંભેલું સારૂં કામ પણ મુકી દે છે. પણ ઉંચા વિચારના મહાન્ પુરુષો વિઘ્નોથી નહીં ગભરાતા અડગ ઉભા રહી. વારંઘડી વિઘ્નો આવ્યા જ કરે તો પણ પોતે આદરેલું સારૂં કામ પુરૂં કરી જ નાખે છે. એને જ નિર્ભયતા કહેવામાં આવે છે. અને એવી નિર્ભયતાની સાથે વિનય, નમ્રતા અને સાત્વિકતા હોય છે ત્યારે જ એ કાર્ય દીપી નિકળે છે.

જેમ ઉંચા ધાર્મિક ત્યાગ તપસ્યા માટે નિર્ભયતાની જરૂર છે, તેમ સામાન્ય વિદ્યાર્થી માટે પણ નિર્ભયતા જ કેળવવી પડે છે. અને જે વિદ્યાર્થી નિર્ભયપણે કઠણ જણાનારા વિષય પાછળ મંડી પડે છે અને નિરલસપણે અભ્યાસ કરે છે ત્યારે જ તે વિષયમાં તે પ્રવિણ બને છે. અને જે કોઇ કેમ થશે શું થશે, એવા નમાલા વિચારોના વમળમાં સપડાય છે તે પોતાનો પ્રાપ્ત પ્રસંગ ખોઈ બેસે છે અને બીજા સામાન્ય ગણાતા વિદ્યાર્થી પોતાની નિર્ભયતાથી આગળ વધે છે.

સામાજિક સુધારા કરવાનો પ્રસંગ ઉપસ્થિત થાય છે ત્યારે અનેક જાતની વિચારધારા પ્રસવનારા વાક્પંડિતો એવી સુંદર કલ્પનાઓ વહેતી મુકે છે કે, તે સાંભળી ઘણા લોકો આશ્ચર્ય મુગ્ધ બની જાય છે ! પણ જ્યારે એ જ સુધારો અમલમાં મુકવાનો પ્રસંગ પોતા ઉપર ઉપસ્થિત થાય છે ત્યારે એ જ વાચિવીર પોતાની ઘરડી દાદીની પાછળ મ્હોં છુપાવી બેસે છે. અને શું કરૂં દાદીમા નાપાડે છે, મારા મામા ના પાડે છે. કાકાને એ મારા વિચારો પસંદ નથી એવા અનેક ખોટા ખરા કારણો આગળ કરી ડરપોક બને છે અને હાથમાં આવેલો રૂડો પ્રસંગ ગુમાવી બેસે છે.

સામાજિક સુધારામાં આગળ પડતો ભાગ લેવો એ આકરૂં કામ થઇ પડે છે. એવા કાર્યમાં જ ખરેખર નિડરતાથી આગળ વધવાની જરૂર હોય છે. એવા પ્રસંગે તો સ્વજનો તરફથી જ વિરોધ થવાનો પ્રસંગ ઉપસ્થિત થાય છે. અર્થાત્ નિર્ભયતા દાખવવાનો એ જ ખરો પ્રસંગ હોય છે. એવા હીંમત બહાદર વિરલ જોવા મળે એ સ્વાભાવિક છે. એવો નિર્ભય સુધારક અમારા જોવામાં આવ્યો છે તેનો થોડો પરિચય આ સ્થળે આપવાનો અમને ઉચિત જણાય છે, સારા સુખી ગણાતા યુવાનના લગ્નનો પ્રસંગ હતો. કન્યાપક્ષ તરફથી ત્રણ હજાર રૂપિયા પડાવવા લાયક એ સ્થળ હતું. ત્યારે લગ્નની વાત શરૂ થતા વરરાજાએ જાહેર કરી દીધુ કે, કન્યાના પિતા તરફથી ફક્ત એક રૂપિઓ અને નારીએળની ભેટ સિવાય હું કાંઇપણ સ્વીકારીશ નહીં. સગાઓએ એને સમજાવાનો ખુબ પ્રયત્ન કરી જોયો. પણ વરરાજા આખર સુધી પોતાના વિચારમાં મક્કમ રહ્યા પરણવા જવાનો વરઘોડો નિકળ્યો તેમાં ઘોડા, ગાડી કે બીજા વાહનનો અભાવ હતો. એક સામાન્ય વાજિંત્ર સાથે વરઘોડો નિકળ્યો. પુરોહિત ગોરને કહેવામાં આવ્યું કે, લગ્નવિધિમાં જે ક્રિયા અત્યંત

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



જરૂરી હોય તેટલી જ તમારે કરાવવી આડી અવળી બીનજરૂરી ક્રિયાઓ હું કરીશ નહીં. ત્યારે પુરોહિતે તેમજ કર્યું. એક જમણવારનો સમારંભ થયો. પણ તેમાં ન મળે પકવાનોના ઢગલા અને એંઠવાડના વાસણો અત્યંત સાદાઈથી એ કાર્ય પુરૂ થએલું અમે પ્રત્યક્ષ જોયું છે.

જ્યારે કોઈ સુધારો નવેસરથી અમલમાં મુકવા માગે છે ત્યારે તો પહેલા તેનો ઉપહાસજ કરવામાં આવે છે. જોયા ડાહ્યા સુધારક ! એમ કહી તેની જગે જગે મશ્કરી જ થયા કરે છે. પણ આવા દાખલાઓ જ્યારે વધુ પ્રમાણમાં થવા માંડે છે ત્યારે તે ઉપહાસ શબ્દની જગ્યાએ ઉપેક્ષા બતાવવામાં આવે અને કહેવામાં આવે છે કે, ભાઈ કાળ બદલાયો છે. કલિકાળ હડહડતો આવી બેઠો છે હવે તો જે બને તે ઉઘાડી આંખે જોતા જ રહેવું પડે. આ ઉપેક્ષાનો કાળ પુરો થતાં અને સુધારાના રૂડા ફળો નજરે પડતા એ ઉપેક્ષા શબ્દ ફરી જાય છે અને એની જગ્યા સહાનુભૂતિ ગ્રહણ કરે છે આ સુધારો અમે તેવો છે પણ લોકોનું એમાં હિત જ થયું છે ભલે એ ચાલ્યા કરે એમાં આપણું શું જવાનું છે ! ભલે એ કરતા રહે. ફક્ત જોવામાં આપણે શું ખોવાનું છે ! એવી સહાનુભૂતિનો કાળ જ્યારે નિકળી જાય છે ત્યારે સહકારનો પ્રસંગ ઉપસ્થિત થાય છે આટલી કસોટીમાંથી જે સુધારો પસાર થાય છે ત્યારે જ એ સુધારો લોકપ્રિય બને છે. એ પ્રત્યક્ષ અનુભવની વાત છે. સુધારા અમલમાં લાવવા હોય તો પહેલા પોતાના પગ ઉપર જ કુહાડો મારી લેવો પડે. લોકો તરફથી અપમાન સાથે ખાસડાની માળાઓ જ પહેરવી પડે સુધારો કરવો હોય ત્યારે માનપત્ર કે ફૂલની માળાની અપેક્ષા રાખી જ ન શકાય. કારણ કાર્ય સાચું અને ઉપયોગી હોવા છતાં લોકોને પ્રથમ દર્શને પ્રિય થાય તેવું તો હોતું નથી જ. કાલાંતરે લોકોને તેની ઉપયોગિતા જાણવામાં અને અનુભવમાં આવ્યા પછી જ લોકો નિરૂપાયે તેની કદર કરે છે. માટે જ અમો કહીએ છીએ કે, કોઇ પણ ઉપયોગી અને નવું કાર્ય ઉપાડવું હોય તો પ્રથમ નિર્ભયતા રાખવાની જરૂર છે. નિર્ભયતા વગર કોઈ કાર્યમાં યશ આવવાનો સંભવ નથી. અને સાથે સાથે વિનયની પણ જરૂર હોય છે. નિર્ભયતાથી પરાક્રમ થાય ખરો પણ તે જીરવવા માટે અને તે દીપી નિકળવા માટે વિનયની અનિવાર્યપણે જરૂર છે.

જે જે સુધારકોએ પોતાના ત્યાગ અને નિર્ભયતાથી લોકોને માર્ગદર્શન કર્યું છે તેમની કદર તેમના મૃત્યુ પછી જ થઈ છે ! અને એ પ્રત્યક્ષ અનુભવસિદ્ધ ઘટના છે. પોતે કરેલા સુધારાઓના ફળો પોતાને જ ચાખવા મળે એવા બનાવો ક્વચિત બને છે માટે જ એ કપરૂ કામ ગણાય છે.

આવો રે મૂર્ખાઓ ! તમારો સુધારો મારે કરવો છે ! એવી ભાવનાથી જે લોકો સુધારકનો સ્વાંગ સજે છે, તેઓ ભીંત ભૂલે છે, એ સમજી રાખવું જોઇએ. સુધારા માટે તો લોકોમાં વિશ્વાસ કેળવી એકેક પગલુ નિશ્ચયપૂર્વક અને સંભાળપૂર્વક નિડરપણે નાખવુ જોઇએ. તોજ લોકોમાં તેની અનુકૂલ પ્રતિક્રિયા થવા સંભવ છે. જે જે લોકોના મનમાં સુધારણા કરવાનું હોય તેઓએ ધીરજ અને ખંતથી કાર્ય શરૂ કરી દેવું જોઇએ. ફક્ત મોઢેથી થુંક ઉડાડવાથી કાંઈ પણ કાર્ય બની શકે જ નહીં

પહેલા કરી બતાવવું અને પછી જ તેનો ઉચ્ચાર કરવાથી જે પરિણામ આવે છે તે મોટા લાંબા પ્રવચનોથી આવવાનું નથી માટે જેને અંતઃકરણપૂર્વક સુધારો કરવો હોય તેને પ્રથમ આરંભ પોતાના ઘરથી જ કરવો જોઇએ બીજા લોકો કરતા થાય પછી જોઇશું એમ કહેવું એ મૂર્ખાઈ અગર અસત્યપણું છે એ સમજી શુભસ્ય શીઘ્રમ્ કરી બતાવવું એ વધુ સાચુ અને પરિણામકારક છે. એ વૃત્તિ આપણામાં જાગે એજ શુભેચ્છા.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# શુભશીલગણિનો સંક્ષિપ્ત પરિચય

પ્રો. હીરાલાલ ર. કાપડિયા એમ. એ.

ગુરુ – જૈન મુનિવરોના ગુરુઓના ત્રણ પ્રકારો ગણાવી શકાય: (૧) દીક્ષાગુરુ (૨) વિદ્યાગુરુ અને (૩) નિશ્રાગુરુ. આમ હોઇ એ મુનિવરો પૈકી જેઓ 'ગ્રન્થકાર' બન્યા છે તેમણે પોતાના વિષે આ ત્રણ પ્રકારના ગુરુઓમાંથી ગમે તે એકના શિષ્ય તરીકે ઉલ્લેખ કર્યો છે આ ગ્રન્થકારો પૈકી કોઇ કોઇએ તો એક કરતાં વધારે કૃતિ રચી છે અને તેમાં ભિન્ન ભિન્ન વ્યક્તિનો ગુરુ તરીકે નિર્દેશ કર્યો છે. પ્રસ્તુતમાં શુભશીલગણિએ તેમ કર્યું છે. એમણે એક કૃતિમાં પોતાને મુનિસુન્દરસૂરિના શિષ્ય કહ્યા છે તો અન્ય કૃતિમાં લક્ષ્મીસાગરસૂરિના. વળી એમની એક કૃતિની પુષ્પિકામાં તો એમણે પોતાના ગુરુ તરીકે રત્નમંડનગણિનો નિર્દેશ કર્યો છે એમ લાગે છે કે મુનિસુન્દરસૂરિ એ એમના સમુદાયના નાયક છે. એમની વિદ્યમાનતામાં કૃતિ રચાતાં એમણે પોતાના દીક્ષાગુરુ કે વિદ્યાગુરુના પણ ગુરુ જેવા મુનિસુન્દરસૂરિનો ઉલ્લેખ કર્યો છે. મુનિસુન્દરસૂરિનો પરિવાર ઘણો મોટો છે. એમને અનેક શિષ્યો અને પ્રશિષ્યો હતા. શુભશીલગણિની તમામ કૃતિઓના આદ્ય અને અંતિમ ભાગો જોવા મળ્યે એમના દીક્ષાગુરુ વગેરે વિષે નિર્ણયાત્મક કથન થઈ શકે. ગમે તેમ પણ મુનિસુન્દરસૂરિ તો એમના નિશ્રાગુરુ જ હશે એમ ભાસે છે.

છ ગુરુભાઇઓ—શુભશીલગણિએ પ્રભાવકકથામાં પોતાના છ ગુરુભાઇઓનાં નામ આપ્યાં છે: (૧) ઉદયનન્દિ, (૨) ચારિત્રરત્ન, (૩) રત્નશેખર, (૪) લક્ષ્મીસાગર, (૫) વિશાલરાજ અને (૬) સોમદેવ.

જીવનકાળ–આ શુભશીલગણિએ પોતાની પ્રત્યેક કૃતિનો રચના સમય દર્શાવ્યો નથી એમણે વિક્રમાદિત્યચરિત્ર વિ સં. ૧૪૯૦ કે વિ. સં. ૧૪૯૯માં રચ્યું છે. જ્યારે શાલિવાહનચરિત્ર વિ. સં. ૧૫૪૦માં રચ્યું છે. એ વિચારતાં એમનો જીવનકાળ વિ. સં. ૧૪૭૦થી વિ સં. ૧૫૪૦ની આસપાસનો ગણી શકાય આથી આ ગણિવર્ય વિક્રમની પંદરમી શતાબ્દીના ઉત્તરાર્ધથી માંડીને તે વિક્રમની સોળમી શતાબ્દીના ઉત્તરાર્ધ સુધી વિદ્યમાન હતા એમ અનુમનાય.

કૃતિકલાપ–શુભશીલગણિએ નિમ્નલિખિત કૃતિઓ રચી છે:—

(૧) અષ્ટકર્મવિપાક કિંવા કર્મવિપાક.

(૨) ઉણાદિનામમાલા.

(૩) પંચ વર્ગ સંગ્રહનામમાલા.

(૪) પંચશતીપ્રબો(ત્રબં)ધ સંબંધ કિંવા પ્રબન્ધ પંચશતી યાને કથાકોશ વિ. સં. ૧૫૨૧.

(૫) પુણ્યધન નૃપ કથા: વિ. સં. ૧૪૯૬.

(૬) પુણ્યસારકથા.

(૭) પ્રભાવકકથા : વિ. સં. ૧૫૦૪.

(૮) ભક્તામરસ્તોત્રમાહાત્મ્ય.

(૯) ભરતેશ્વર–બાહુબલિ–વૃત્તિ યાને કથાકોશ : વિ. સં. ૧૫૦૯.

(૧૦) ભોજ પ્રબન્ધ.

(૧૧) વિક્રમાદિત્યચરિત્ર : વિ. સં. ૧૪૯૦ કે વિ. સં. ૧૪૯૯.

(૧૨) શત્રુંજયકલ્પવૃત્તિ : વિ. સં. ૧૫૧૮.

(૧૩) શાલિવાહનચરિત : વિ સં. ૧૫૪૦.

આ ઉપરાંત દાનાદિકથા સ્વતંત્ર કૃતિ છે કે કેમ તેમજ શીલવતીકથા એમણે જ રચી છે કે નહિ તેનો નિર્ણય કરવો બાકી રહે છે.

આ તમામ કૃતિઓ કે એમાંની કોઇ પણ એક કૃતિ વિષે વિસ્તારથી નિરૂપણ કરવાનું કાર્ય તો એના સંપાદક મહાશયનું છે. હું સંપાદક નથી. આથી કરીને તેમ જ આ કૃતિ પૈકી એક પ્રકાશિત કે



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



અપ્રકાશિત સ્વરૂપે મારી સામે અત્યારે તો નથી એટલે કામચલાઉ કેટલાંક વિધાનો કરી સંતોષ માનવો પડે છે.

(૧) **અષ્ટકર્મવિપાક કિંવા કર્મવિપાક**—આની એક હાથપોથી અમદાવાદના ભંડારમાં છે એમાં આઠ કર્મોનું નિરૂપણ સંક્ષેપમાં પણ હશે. એનો મુખ્ય વિષય તો આઠ કર્મોના વિપાકને રજૂ કરતી કથાઓ હોવા સંભવ છે આ કૃતિની નોંધ મેં **કર્મસિદ્ધાન્ત સંબંધી સાહિત્ય** (પૃ. ૯૯)માં લીધી છે.

(૨) **ઉણાદિનામમાલા**—આની ચારેક હાથપોથીઓ મળે છે. આ **અભિધાનચિન્તામણિને** અનુસરીને રચાઈ છે એમ "જૈન સાહિત્યનો સંક્ષિપ્ત ઇતિહાસ" (પૃ. ૪૭૦)માં ઉલ્લેખ છે. **અભિધાન-ચિન્તામણિની** સ્વોપજ્ઞ વૃત્તિમાં શબ્દોની સિદ્ધિ વેળા ઉણાદિસૂત્રોનો નિર્દેશ કરાયો છે એટલે આ કૃતિના નામ ઉપરથી હું એવી કલ્પના કરું છું કે આ ઉણાદિસૂત્રોનો અહીં સંગ્રહ કરાયો હશે એમ જ હોય તો એક રીતે આ વ્યાકરણને લગતી કૃતિ ગણાય તો અન્ય રીતે એ ભાષા વિજ્ઞાનની.

**પંચવર્ગસંગ્રહનામમાલા**—આની ત્રણ હાથપોથીઓ મળે છે. એનું નામ વિચારતાં એમાં ક-વર્ગથી માંડીને પ-વર્ગ સુધીના સંસ્કૃત શબ્દોને સ્થાન અપાયું હશે. આમ એ એક પ્રકારનો કોશ ગણાય.

(૪) **પંચશતિપ્રબોધસંબંધ**-આ નામમાંનો 'પ્રબોધ' શબ્દ અશુદ્ધ હોય એમ લાગે છે. ગમે તેમ પણ **જૈન ગ્રન્થાવલી**(પૃ. ૧૩૦)માં આ કૃતિનું 'પંચાસિત પ્રબોધ સંબંધ' એવું જે નામ દર્શાવાયું છે તે તો ખોટું જ છે. આ કૃતિની વિ. સં. ૧૫૭૪ માં લખાયેલી એક હાથપોથી આજથી તેર વર્ષ ઉપર મુનિશ્રી (હવે ગણિ) અભયસાગરજીને મળ્યાનું એમણે મને તા. ૧૧-૯-'પર ના કાગળમાં જણાવ્યું હતું. આ કૃતિ ચાર અધિકારમાં વિભક્ત છે અને એમાં ૬૨૪ કે ૬૨૫ કથાઓ છે. આ કૃતિના નામ પ્રમાણે એમાં ૫૦૦ પ્રબન્ધો હોવા જોઇએ. આની સંક્ષિપ્ત નોંધ મેં "[1]જૈન સંસ્કૃત સાહિત્યનો ઇતિહાસ" (ખંડ ૨, ભા. ૧)માં લીધી છે. હાલમાં આ **પ્રબન્ધપંચશતીનું** શ્રી ચિદાનન્દમુનિજીના શિષ્ય શ્રી મૃગેન્દ્રમુનિને હાથે સંપાદન થાય છે અને એ ટૂંક સમયમાં પ્રસિદ્ધ થનાર છે એમ જાણવા મળે છે. આ કૃતિમાં ઇતિહાસ તેમ જ અનુશ્રુતિઓને આધારે કેટલીક ઘટનાઓ અપાઇ છે. સામાન્ય જનતાને પણ રસ પડે એવી પણ કેટલીક કથાઓ છે.

જૈન કથાઓનો કોશ અત્યાર સુધી તો કોઈએ તૈયાર કર્યાનું જણાતું નથી, જો કે એ કાર્ય ક્યારનું થવું જોઈતુ હતું. **પૌરાણિક કથા કોષ** ગુજરાત વર્નાક્યુલર સોસાયટીએ ઈ. સ. ૧૯૩૨ માં પ્રસિદ્ધ કર્યો છે; તો એ લક્ષ્યમાં રાખી આ કોશ રચાવો ઘટે.

(૫) **પુણ્યધન નૃપકથા**—આ એક રાજાની કથા છે, અન્ય કોઇએ **પુણ્યધનકથા** રચી છે.

(૬) **પુણ્યસારકથા**—આ ૧૩૧૧ શ્લોક જેવડી રચના છે. જિનરત્નકોશ (વિ. ૧, પૃ. ૨૫૧)માં સૂચવાયા મુજબ એ "મહાવીર જૈન સભા" ખંભાત માટે નાનજીભાઈ પોપટચંદે ઇ. સ. ૧૯૧૯ માં છપાવી છે. આ જ કૃતિ તે પુણ્યધનચરિત્ર છે એમ જિ૦ ૨૦ કો૦ (વિ. ૧, પૃ. ૨૫૧)માં ઉલ્લેખ છે. **પુણ્યસારકથા** અજિતપ્રભસૂરિએ તેમજ અન્ય કોઇએ પણ રચી છે. **પુણ્યસારકથાનક** વિવેકસમુદ્રે વિ. સં. ૧૩૩૪માં રચ્યું છે, **ભાવચન્દ્રે પુણ્યસાર ચરિત્ર** રચ્યું છે અને એ **હીરાલાલ** હંસરાજે ઈ.સ. ૧૯૨૫ માં પ્રકાશિત કર્યું છે. આ ઉપરથી એમ ભાસે છે કે શુભશીલગણિની પહેલાં પણ પુણ્યસારની કથા જેવી રચના કરાઈ છે.

(૭) **પ્રભાવકકથા**—આમાં **પ્રભાવકચરિત** યાને **પૂર્વર્ષિચરિત્રની** જેમ જૈન પ્રભાવકોનાં ચરિત્રો રજૂ કરાયાં હશે. જૈ. સા. સં. ઇ. (પૃ. ૪૭૦)માં

૧ ટિપ્પણ માટે જુઓ છેલ્લુ પાનું

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

કહ્યું છે કે આ કૃતિમાં શુભશીલગણિએ પોતાના ૭ ગુરુભાઈઓનાં નામ આપ્યાં છે

(૮) **ભક્તામરસ્તોત્રમાહાત્મ્ય**–ભક્તામરસ્તોત્રનું મેં ત્રણ વિવરણો સહિત સંપાદન કર્યું છે અને એ પ્રકાશિત છે. એમાં વિ. સં. ૧૪૨૬ માં ગુણાકરસૂરિએ રચેલી વૃત્તિને સ્થાન અપાયું છે. એમાં વિવિધ કથાઓ છે શુભશીલગણિ કૃત **ભક્તામરસ્તોત્રમાહાત્મ્યની** એક હાથપોથી ભાં. પ્રા. સં મં. માં છે એનું પરિમાણ ૧૭૦૦ શ્લોક જેવડું છે.

(૯) **ભરતેશ્વર-બાહુબલિ-વૃત્તિ**– ભરહેસર-બાહુબલિ સજ્ઝાય ઉપરની આ વૃત્તિ છે. એમાં ૫૩ મહાપુરુષો અને ૪૭ સન્નારીઓની કથાઓ રજૂ કરાઈ છે. આ વૃત્તિ દે. લા. જૈ. પુ. સંસ્થા તરફથી બે ભાગમાં પ્રકાશિત કરાઈ છે. અને એનું ગુજરાતી ભાષાંતર મગનલાલ હઠીસિંગે ઈ સ. ૧૯૦૯માં છપાવ્યું છે. દાનાદિકથા એ આ વૃત્તિ હશે એમ જિ૦ ૨૦ કો૦ (વિ ૧, પૃ ૧૭૪)માં ઉલ્લેખ છે.

(૧૦) **ભોજપ્રબન્ધ**—આ ૩૭૦૦ શ્લોક જેવડી રચના છે. એમાં ભોજ નૃપતિનો વૃત્તાન્ત રજૂ કરાયો છે. એકંદર ૭ **ભોજપ્રબન્ધો** અને એક **ભોજચરિત્ર** રચાયાં છે અને એની નોંધ મેં જૈ. સં. સા. ઇ. (ખંડ ૨, ભા. ૧ માં લીધી છે. મેરુતુંગે વિ સં. ૧૩૬૧માં રચેલ **પ્રબન્ધચિન્તામણિમાં** ભોજનો વૃત્તાંત આલેખ્યો છે એ આ વિષયની આદ્ય જૈન કૃતિ હશે. અને એનો ઉપયોગ શુભશીલગણિએ કર્યો હશે.

(૧૧ **વિક્રમાદિત્યચરિત્ર**–આ વિષે મેં જૈ સં. સા. ઈ (ખંડ ૨, ભા. ૧)માં કેટલોક ઉલ્લેખ કર્યો છે. સાથે સાથે એના ભાષાન્તરનો પણ નિર્દેશ કર્યો છે એટલે આ સંબંધમાં હું અહીં કંઈ કહેતો નથી.

(૧૨) **શત્રુંજયકલ્પવૃત્તિ**:—શત્રુંજયકલ્પમાં ચાળીસેક ગાથા છે અને એ ધર્મઘોષે રચ્યાનું મનાય છે. એના ઉપર ૧૨૫૦૦ શ્લોક જેવડી વૃત્તિ શુભશીલગણિએ રચી છે. આ વૃત્તિનાં વિવિધ નામો છેઃ **શત્રુંજયકથાકોશ**, શત્રુંજયકલ્પકથા અને શત્રુંજયબૃહત્કલ્પ. આ વૃત્તિનું હાલમાં **માણિક્યસાગરસૂરિજી** સંપાદન કરે છે અને એ "આગમોદ્ધારક ગ્રન્થમાલા"માં પ્રસિદ્ધ કરાશે એમ જાણવા મળ્યું છે.

ભરહેસર બાહુબલિ–વૃત્તિ (ભા. ૨)ની પ્રસ્તાવનામાં શત્રુંજયકલ્પ અને એની આ વૃત્તિ પણ શુભશીલગણિએ જ રચ્યાનો ઉલ્લેખ છે તો શું એ વાસ્તવિક છે? વિશેષમાં આ પ્રસ્તાવનામાં પંચવર્ગસંગ્રહ ને વ્યાકરણને લગતિ કૃતિ કરી છે એ વિચારણીય નથી?

આ પ્રસ્તાવનામાં દાનાદિકથાને ઉપર્યુક્ત વૃત્તિથી ભિન્ન ગણી છે અને એ ૧૧૫૦ શ્લોક જેવડી હોવાનું કહ્યું છે. તો એ અંગે પણ તપાસ કરવી ઘટે.

(૧૩) **શાલિવાહનચરિત્ર**—આ ૧૮૦૦ શ્લોક જેવડી કૃતિ છે અને એમાં **શાલિવાહન** ભૂપતિનું ચરિત્ર આલેખાયું છે.

(૧૪) **શીલવતીકથા**—'શીલવતીકથા' નામની પાંચ કૃતિઓ અને **શીલવતીચરિત્ર** નામની બે કૃતિ છે. આ પૈકી એક શીલવતીકથાને 'શીલવતીચરિત્ર' પણ કહે છે. **જિનરત્નકોશ** (વિ. ૧, પૃ. ૩૮૪)માં કહ્યું છે કે શુભશીલગણિએ રચેલી **શીલવતીકથા** તો સંભવતઃ ઉદયપ્રભસૂરિએ ૯૮૮ શ્લોક જેવડી રચેલી કૃતિ છે. આમ હોઈ શુભશીલગણિએ તેર કૃતિઓ તો રચી જ છે એમ બેધડક કહી શકાય. એમણે મોટે ભાગ કથા સાહિત્યનું સર્જન કર્યું છે અને તે પણ સંસ્કૃતમાં.

**નામરાશિ**—શુભશીલ નામના એક અન્ય જૈન ગ્રન્થકાર થયા હોય એમ લાગે છે. એમણે **પૂજા-પંચાશિકા** રચી છે. એના ઉપર વિ. સં. ૧૭૬૩ માં જિનહર્ષે બાલાવબોધ રચ્યો છે.

---

૧. આ સમગ્ર પુસ્તક મેં ઈ. સ. ૧૯૫૩ માં તૈયાર કરી એ જ વર્ષમાં પ્રકાશક મહોદયને સોંપ્યું હતું. એનો પ્રથમ ખંડ એમણે ઈ. સ. ૧૯૫૭ માં પ્રસિદ્ધ કર્યો હતો અને હાલમાં સવા વર્ષથી એના દ્વિતીય ખંડનો પ્રથમ ઉપખંડ છપાય છે. એના પંદર જ ફોર્મ (પૃ. ૧–૨૪૦) અત્યાર સુધીમાં છપાયા છે. એ વિચારતાં દ્વિતીય ખંડના બે ભાગને બદલે ત્રણ ભાગ કરી આ ચાલુ ભાગ સત્વર પ્રકાશિત કરવા મારી પ્રકાશક મહોદયને સાદર વિજ્ઞપ્તિ છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

Reg. No. G 50

## સભાસદોને સૂચના

બહારગામના લાઈફ મેમ્બરોમાંથી કેટલાંએક બંધુઓએ પોસ્ટેજ મોકલીને **ભારતીય દર્શનની રૂપરેખા** નામનું પુસ્તક (સં. ૨૦૨૦ની સાલનું) ભેટ તરીકે પોસ્ટેજના ૩૦ નયા પૈસા મોકલી મંગાવી લીધું છે. હજુ જેઓએ ન મંગાવ્યું હોય તેઓએ નીચેનું પુસ્તક સાથે ૬૦ પૈસા મોકલી બેઉ પુસ્તક સાથે મંગાવી લેવા, જેને મંગાવ્યું હોય તેને એક જ પુસ્તક મંગાવવું.

શ્રી જૈન ધર્મ પ્રસારક સભા તરફથી સભાના પેટ્રન તથા લાઈફ મેમ્બરોને સં. ૨૦૨૧–૨૨ ના વર્ષની ભેટ આપવા માટે મળેલ આર્થિક સહાયથી "શ્રી મહાપ્રભાવિક નવસ્મરણ સ્તોત્ર સ્તુતિ સ્તવનાદિ સંગ્રહ" નામે ક્રાઉન ૧૬ પેજી, પૂરા આઠ ફોર્મનું પુસ્તક છપાવી પ્રસિદ્ધ કરેલ છે. પુસ્તકમાં નવસ્મરણ સ્તોત્રો ઉપરાંત નિત્ય સ્વાધ્યાય માટે ઉપયોગી બીજા ઘણા સ્તોત્ર સૂત્રો, મોટી સંખ્યામાં પ્રાચીન ભાવવાહી સ્તવનો, સ્તુતિ, સજ્ઝાયો વગેરે આપેલ છે. ઉપરાંત દર્શન પૂજન માટે શ્રી સિદ્ધચક્ર તથા શ્રી ગૌતમસ્વામિ ભગવંતના કલાત્મક ભાવવાહી ફોટા મૂકી પુસ્તકને વિશેષ ઉપયોગી બનાવેલ છે. તો ટપાલ ખર્ચ ૩૦ પૈસા મોકલી મંગાવી લેવું

**—જૈન ધર્મ પ્રસારક સભા–ભાવનગર**

શ્રી જૈન ધર્મ પ્રસારક સભા ભાવનગરનું નૂતન પ્રકાશન

**શ્રી વિજયલક્ષ્માસૂરિ વિરચિત**

# શ્રી ઉપદેશપ્રાસાદ ભાષાંતર : ભાગ ૨ જો

**ઉપરોક્ત ગ્રંથ ગુજરાતી લીપીમાં કલકત્તાના અમુક ભાવિક સદ્‌ગૃહસ્થ તરફથી મળેલ સહાયથી** છપાવવાનું શરૂ કરેલ છે. પાના ૩૦૪–ફોર્મ ૩૮. બહુ થોડી નકલો છપાવવાની હોવાથી જેમને જોઈએ તેઓ નકલ દીઠ રૂા. ૨) મોકલી અગાઉથી નામ નોંધાવશે તેમની પાસેથી ત્યાર પછી રૂા. ૨) જ લેવામાં આવશે, જ્યારે પાછળથી લેનાર માટે બુકની કિંમત રૂા. પાંચ થશે.

આ બુકની અંદર જે કથાઓ આપેલ છે તે કથાઓ બોધ આપનાર હોવાથી બહુજ ઉપયોગી છે. દરેક વ્રતનું સ્વરૂપ બહુ સારી રીતે આપ્યું છે. કર્માદાનનું–ચૌદ નિયમનું–ચાર પ્રકારનું અનર્થ-દંડનું સ્વરૂપ બહુ સ્પષ્ટતાથી આપેલું છે.

લખો:—**શ્રી જૈન ધર્મ પ્રસારક સભા–ભાવનગર.**

પ્રકાશક : દીપચંદ જીવણલાલ શાહ, શ્રી જૈન ધર્મ પ્રસારક સભા–ભાવનગર
મુદ્રક : ગીરધરલાલ ફુલચંદ શાહ, સાધના મુદ્રણાલય–ભાવનગર

For Private And Personal Use Only